# અમરનાથમાં ગેસ સિલિન્ડર વિસ્ફોટમાં ચારનાં મોત

શ્રીનગર,તા. ૨૨

બલતાલ ખાતે વાર્ષિક અમરનાથ યાત્રા માટે કાશ્મીર ખીણના ઉત્તરપૂર્વીય બેઝ કેમ્પ ખાતે આકસ્મિક રીતે સિલિન્ડર બ્લાસ્ટના કારણે આગ ફાટી નિકળતા ઓછામાં આછો ચાર શ્રદ્ધાળુઓના મોત થયા હતા. શ્રીનગરથી આશરે ૧૦૦ કિલોમીટરના અંતરે સ્થિત બલતાલ કેમ્પ ખાતે લંગર માટે કામ કરી રહેલા ચાર લોકોના આમા મોત થયા હતા. વહેલી પરોઢે ૪.૧૫ વાગે આ બનાવ બન્યો હતો. બેઝ કેમ્પથી થોડાક મીટરના અંતરે સ્થિત ધુમેલ ખાતે આ બનાવ બન્યો હતો. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, શ્રદ્ધાળુઓ માટે વહેલી સવારના નાસ્તાની તૈયારી કરવામાં આવી રહી હતી ત્યારે એલપીજી સિલિન્ડરથી લીકેજ થયા બાદ બ્લાસ્ટ થયો હતો. પંજાબના શિવશક્તિ સેવા સાથે સંકળાયેલા રસોડામાં આગ ફાટી નિકળી હતી. આમા અન્ય ત્રણ લોકો દાઝી ગયા હતા. શિવ શક્તિ લંગરના કાર્યકરો ગેસ સિલિન્ડર શરૂ કરી રહ્યા હતા ત્યારે બ્લાસ્ટ થયો હતો. આ સમગ્ર મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. બલતાલ બેઝ કેમ્પ ખાતે આ બ્લાસ્ટ થયો હતો. સમગ્ર બનાવને લઈને શ્રદ્ધાળુઓમાં ચિંતાનુ મોજુ ફરી



વળ્યું છે. ઘાયલ થયેલા લોકોની ઓળખ કરવામાં આવી ચુકી છે જ્યારે માર્યા ગયેલા લોકોની પણ ઓળખ કરવામાં આવી છે જેમાં ભટ્ટીંડાના યાદંદરસિંહનો સમાવેશ થાય છે. હાલમાં જ શ્રદ્ધાળુઓ માટે રસોડા ચલાવનાર લોકો અને પવિત્ર યાત્રાધામ સુધી યાત્રીઓને લઈ જતાં લોકો વચ્ચે બોલાચાલી થયા બાદ અથડામણ થઈ હતી. ટુંકાગાળામાં જ મામલો બિચક્યો હતો અને હિંસા શરૂ થઈ ગઈ હતી. જેના લીધે ફરજ બજાવતા સીઆરપીએફના જવાનોને દરમિયાનગીરી કરવી પડી હતી. ૪૦થી વધુ લોકો અથડામણમાં ઘાયલ થયા હતા. કેટલાક લોકોને દાઝી જવાની ઈજા થઈ છે. સીઆરપીએફના જવાનોએ ટેન્ટને આગ ચાંપી દીધી હતી. સુરક્ષા દળોએ આવા આક્ષેપોને રદિયો આપ્યો છે. કેમ્પમાં અથડામણ દરમિયાન ગેસ સિલિન્ડરના લીધે બ્લાસ્ટ થયો હતો જેથી આગ ફાટી નિકળી હતી. દેખાવકારોએ ૧૦ રસોડાને આગ ચાંપી દીધી હતી જેમાં ૧૨ જવાનોને ઈજા થઈ હતી. સાવચેતીના પગલારુપે યાત્રાને રોકવામાં આવી હતી. ફરી યાત્રા શરૂ કરવામાં આવ્યા બાદ હવે ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા તર્ક વિતર્કનો દોર શરૂ થયો છે.

**ત્રણેયની વય ૨૫થી ૩૦ વર્ષની**

## દિલ્હી : લકઝરી કારમાં ૩ વેપારીઓ મૃત મળ્યા

નવીદિલ્હી,તા. ૨૨

દક્ષિણ દિલ્હીના આરકેપુરમ વિસ્તારમાં પાર્ક કરવામાં આવેલી એક લકઝરી કારમાં ૨૫થી ૩૦ વર્ષની વયના ત્રણ વેપારીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ત્રણેય વેપારીઓની ઓળખ કરી લેવામાં આવી છે. આ વેપારીઓ નિશાંત, બલવિંદર અને લક્ષ્મણ તરીકે ઓળખાયા છે. મેનેજમેન્ટ બિઝનેસમાં ત્રણેય જોડાયેલા હતા. મળેલી માહિતી મુજબ ત્રણેયના મૃતદેહ હોન્ડાસીટી કારમાં મળી આવ્યા હતા. પોલીસે કહ્યું છે કે, આ લોકોએ કોઇ ઝેરી દવા ગટગટાવી હોવાની જાણવા મળી રહ્યું છે અથવા તો ગેસ પોઇઝિંનિંગના કારણે પણ બનાવ બની શકે છે. પોલીસ દ્વારા નજીકમાં સ્થાપિત કરવામાં આવેલા સીસીટીવીમાં ચકાસણી હાથ ધરી છે. કારની અંદર ઉલ્ટી કરેલાના નિશાન મળી આવ્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટની ઉત્સુકતાથી પોલીસ રાહ જોઇ રહી છે.

## સેન્સેક્સ ૨૬ હજારથી ઉપરની સપાટીએ

મુંબઈ, તા. ૨૨

શેરબજારમાં આજે મોડેથી જામેલી લેવાલીના પરિણામ સ્વરુપે



શેરબજારમાં તેજીનું મોજુ ફરી વળ્યું હતું. ટેલિકોમ શેરના નેતૃત્વમાં કારોબારમાં તેજી રહેતા સેંસેક્સે ૨૬૦૦૦થી ઉપરની સપાટી મેળવી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૩૧૧ પોઈન્ટ સુધરીને ૨૬૦૨૬ની ઉંચી સપાટીએ રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન એક વખતે સેંસેક્સે ૨૬૦૫૦ની સપાટી મેળવી હતી. આવી જ રીતે નિફ્ટી આજે ૮૪ પોઈન્ટ સુધરીને ૭૭૬૮ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૭૭૭૪ની સપાટીએ એક વખતે પહોંચ્યો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સોમવાર સુધી સતત ચોથા સેશન માટે લેવાલી રાખી હતી અને ૩૨૭૦ કરોડની કિંમતના શેરની ખરીદી કરી હતી. સ્ટોક એક્સચેંજ પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એશિયન બજારોમાં પણ આજે તેજી રહી હતી. મધ્ય પૂર્વ અને યુક્રેનમાં તંગદિલી હોવા છતાં બજારમાં સ્થિતિ સારી રહી હતી. જાપાનના શેરમાં તેજી રહી હતી. બેંચમાર્ક નિફ્ટીમાં ૦.૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. હેંગસેંગમાં ૧.૭ ટકા અને શાંઘાઈમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. સ્ટેટ ટાઈમ્સમાં ૦.૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. ટેલિકોમ સર્વિસ આપતી કંપનીઓના શેરમાં તીવ્ર ઉછાળો રહ્યો હતો. ભારતીય એરટેલ, વોડાફોન અને આઈડિયાની થ્રીડી સ્પેક્ટ્રમ વહેંચણીમાં ફાયદો થવાની સ્થિતિમાં છે. ભારતી એરટેલમાં પાંચ ટકા અને આરકોમમાં ચાર ટકાનો ઉછાળો નોંધાયો હતો. સેંસેક્સના અન્ય જે શેરમાં તેજી નોંધાઈ હતી તેમાં આઈટીસી, ટીસીએસ, ઈન્ફોસીસ, વિપ્રો અને ટાટા મોટર્સનો સમાવેશ થાય છે. માર્કેટ બ્રીડ્થ ખુબ જ હકારાત્મક રહ્યું હતું. જો કે, મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં આશરે ફ્લેટ સ્થિતિ જોવા મળી હતી. સોમવારના દિવસે કેટલીક કંપનીઓના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા.

**અન્ય અનેક લોકો ઘાયલ થયા**

## કાબુલમાં આત્મઘાતી હુમલો : ચારના મોત

કાબુલ,તા. ૨૨

અફગાનિસ્તાનના પાટનગર કાબુલમાં પોલીસ સંકુલને ટાર્ગેટ બનાવી કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં ચાર વિદેશી સુરક્ષા ગાર્ડના મોત થયા છે અને અન્ય છથી વધુ લોકો ઘાયલ થયા છે. અફઘાનના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, મોટરસાઈકલ ઉપર આવેલા આત્મઘાતી બોંબરે આ હુમલો કર્યો હતો. વિદેશી એડવાઈઝરો જ્યાં રહે છે તે વિસ્તારને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરવામાં આવ્યો હતો. વળતા હુમલા માટે તરત જ સુરક્ષા જવાનોએ મોરચા સંભાળી લીધા હતા. પોલીસ પ્રવક્તાએ કહ્યું છે કે, હુમલાખોર સંકુલના પ્રવેશ દ્વાર સુધી પહોંચવામાં સફળ રહ્યો હતો અને ત્યાં જ બ્લાસ્ટ કર્યા હતા. માર્યા ગયેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. બીજી બાજુ તાલીબાન પ્રવક્તા જવીહુલ્લા દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારાઈ છે. તેનું કહેવું છે કે, અફઘાન અને નાટો દળો સામે તેમના લોકો દ્વારા હુમલા કરવામાં આવી રહ્યા છે. દેશમાં અફઘાન અને નાટો દળો તેમજ સરકારી ઓફિસને ટાર્ગેટ બનાવીને આ હુમલાઓ કરાયા હતા.

## મમતાને તેમના જ ગઢમાં હવે ભાજપ વતી પડકાર

કોલકત્તા,તા. ૨૨

પશ્ચિમ બંગાળમાં હવે બાજપની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. જેના કારણે મુખ્યપ્રધાન મમતા બેનર્જીની ઉંઘ હરામ થઇ ગઇ છે. વર્ષ ૨૦૧૧માં મમાતા બેનર્જીએ ડાબેરીઓને હાર આપીને પશ્ચિમ બંગાળની રાજનિતીમાં મોટા ફેરફાર કર્યા હતા. ડાબેરીઓ વર્ષ ૧૯૭૭ બાદ પ્રથમ વખત હારી ગયા હતા. ત્યારબાદ મમતા બેનર્જી સતત લોકપ્રિયતા મેળવી રહ્યા હતા. હવે સ્થિતી એ છે કે લોકસભાની ચૂંટણીમાં ભાજપને સફળતા મળ્યા બાદ મમતા હચમચી ઉઠ્યા છે. ભાજપની લોકપ્રિયતા બંગાળમાં પણ વધી છે. હવે બંગાળમાં ભાજપના સભ્ય બનવા



માટે લોકોની લાઇન લાગેલી છે. રાજ્ય ભાજપના અધ્યક્ષ રાહુલ સિંહાએ કહ્યું છે કે દરરોજ સીપીઆઇ (એમ), કોંગ્રેસ અને તૃણમૂળ કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોના સરેરાશ ૭૫૦૦ સભ્યો ભાજપમાં સામેલ થઇ રહ્યા છે. સ્થિતી એવી છે કે અમે લાખો લોકોને મેમ્બરશીપના ફોર્મ આપી શકીએ નહી. કારણ કે હવે ફોર્મનો જથ્થો પણ ખતમ થઇ રહ્યો છે. અલબત્ત લોકસભાની ચૂંટણીમાં પંશ્ચિમ બંગાળમાં બાજપને માત્ર બે બેઠકો મળી હતી. તૃણણૂળ કોંગ્રેસના ખાતંમાં ૩૪ બેઠકો ગઇ હતી. કોંગ્રેસને ચાર અને સીપીઆઇએમને બે બેઠકો મળી હતી. પરંતુ સૌથી સારી ।બાબત એ છે કે આ અગાઉ ભાજપને પશ્ચિમ બંગાળમાં ક્યારેય કોઇ સીટ મળી ન હતી. જો કે નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા બાદ હવે સભ્યો મોટા પાયે પહોંચી રહ્યા છે. ભાજપમાં સામેલ થવા માટે સભ્યો ઉત્સુક છે. લાખો નવા ફોર્મના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. મેમ્બરશીપ માટે ભાજપ દ્વારા ૧૦ રૂપિયા લેવામાં આવે છે. મેમ્બરશીપ છ લાખથી પણ વધુ પહોંચી ગઇ છે. તેમાં દરરોજ મોટી સંખ્યામાં લોકો ઉમેરાઇ રહ્યા છે.આ સંખ્યા નીવ ઉંચાઇ સપાટીએ પહોંચે તેવી વકી છે.

## ચારધામની યાત્રા સતત સાતમાં દિવસે બંધ રહી

દહેરાદૂન,તા. ૨૨

ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે ચાર ધામની યાત્રા આજે સતત સાતમાં દિવસે પણ ખોરવાયેલી રહી હતી. જુદા જુદા વિસ્તારોમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાયેલા છે. મુખ્ય માર્ગો ઉપર શ્રદ્ધાળુઓને આવરી લેતા વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. હાઈવે ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાયેલી છે. ચાર ધામની યાત્રા દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરના પ્રવક્તાએ કહ્યું છે કે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદ મોટાભાગના વિસ્તારોમાં થયો છે. ચંપાવતમાં ભારે વરસાદ થયો છે. દહેરાદૂન, થારચુલા, હલ્દવાની, કપકોટ ખાતે ભારે વરસાદ થયો છે. બદ્રીનાથ હાઈવે ઉપર મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાઈ પડ્યા છે. આ ઉપરાંત કેદારનાથ હાઈવે, ગંગોત્રી હાઈવે, જંગચટ્ટી ખાતે યમનોત્રી હાઈવે ખાતે ભેખડો ધસી પડવાના બનાવો ભારે વરસાદના લીધે બન્યા છે. આ રૂટ ઉપર ટ્રાફિકની સ્થિતિ સામાન્ય બને તે માટે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝનના કર્મચારી દ્વારા તમામ પગલા લેવાઈ રહ્યા છે. ભેખડોને દૂર કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. જો કે, ભારે વરસાદના પરિણામ સ્વરુપે તંત્રને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગંગા, યમનોત્રી, શ્રદ્ધા, તાલી અને અન્ય મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનકરીતે વધી રહી છે જેથી કિનારે રહેતા લોકોને સાવધાની પૂર્વક અન્યત્ર સ્થળોએ જતા રહેવા માટે કહેવામાં આવ્યું છે. ઘણી જગ્યાઓએથી લોકોને ખસેડવામાં પણ આવ્યા છે. ચારધામની યાત્રા અટવાઈ પડતા શ્રદ્ધાળુઓ નિરાશ દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ સારા સંકેત મળી રહ્યા નથી.

## ઈપીએફઓ ધારકને પોર્ટેબલ એકાઉન્ટ નંબરો આપી દેવાશે

નવી દિલ્હી,તા. ૨૨

ઈપીએફઓમાં યોદાગાન આપનાર લોકોને ટુંક સમયમાં મોટી રાહત મળનાર છે. ।કારણ કે ઈપીએફઓના સભ્યોને ટુંક સમયમાં પોર્ટેબલ એકાઉન્ટ નંબર આપવમાં આવનાર છે. ઈપીએફના સભ્યની કારોબારી કેરિયર દરમિયાન યુએએન પોર્ટેબલ રહેશે. આના કારણે ભારતમાં કોઈ પણ જગ્યા તેના ઉપયોગ પણ થઈ શકશે. યુએએન મારફતે ઈપીએફના સભ્યોને જોડી લેવામાં આવશે. જેથી ઓર્ગેનાઈઝડ સેક્ટરમાં કામ કરી રહેલા તમામ લોકોને પીએફ એકાઉન્ટના ક્લેઈમના ટ્રાન્સફર માટે અરજી કરવાની કોઈ જરૂર રહેશે નહી. જેથી ધારકો આ મોટી પ્રક્રિયામાંથી બચી જશે. નાણાં મંત્રાલય દ્વારા પણ આ દિશામાં હિલચાલ હાથ ધરવામાં આવી ચુકી છે. શરૂઆતમાં પ્રાયોગિક રીતે આને અમલી કરવામાં આવનાર છે. શરૂઆતમાં ૧૫મી ઓક્ટોબર સુધી ઈપીએફઓને યોદગાન આપી રહેલા સભ્યોને આ યુએએનની સુવિધા આપવામાં આવનાર છે. યુએએનની ફાળવણી ઈપીએફના સભ્યોને તમામને કરવામાં ન આવે ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલશે. તેમના બજેટ ભાષણમાં નાણાં પ્રધાન અરૂણ જેટલીએ જાહેરાત કરી હતી કે કર્મચારીઓ વધારે સુવિધા આપવામાં આવસે.નાણાં પ્રધાને ઈપીએફઓના સભ્યો માટે યુએએનની જાહેરાત કરી હતી. જેથી આ દિશમાં પગલા લેવાની શરૂઆત થઈ ગઈ હતી. હવે ઓક્ટોબર સુધી આ પ્રક્રિયા ચલાવી લેવામાં આવશે. શ્રમ મંત્રાલય દ્વારા પણ આદાર, પાનની સાથે કેવાસીની દિશામાં કુચ કરી છે. ઈપીએફઓ ૩૭.૪૧ લાખ ક્લેઈમને હાથ ધરે છે. જેમાં ટ્રાન્સફર અને ઉપાડનો સમાવેશ થાય છે.

### દેશમાં ૧૭ ખાનગી અને ૪ પીએસયુ વીમા કંપની

નવી દિલ્હી, તા. ૨૨

દેશમાં વીમાનું નેટવર્ક વર્ષ ૨૦૦૯-૧૦ના ૫.૨ ટકાથી ઘટીને ૨૦૧૨-૧૩માં ૩.૯૬ ટકા થઈ ગયુંછે. દેશમાં જનરલ ઈન્સ્યોરન્સનું નેટવર્ક ૦.૭૮ ટકા છે. મોટર સેગમેન્ટમાં પ્રીમિયમ કલેક્શન ૨૦૧૨-૧૩માં ૨૯૭૭૭ કરોડ રૂપિયા હતું. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે સરકાર વીમા સેક્ટરને ખોલવા અને તેમાં ૪૯ ટકા એફડીઆઈને મંજુરી આપવા અંગે વિચારી રહી છે. ભારતમાં ૧૭ ખાનગી અને ૪ પીએસયુ ઈન્સ્યોરન્સ કંપનીઓ છે. જનરલ ઈન્સ્યોરન્સ કંપનીઓને પણ લાગે છે કે, આવી પ્રોડક્ટમાં રિન્યુઅલ બિઝનેસને પ્રોત્સાહન મળશે. એક ખાનગી સામાન્ય વીમા કંપનીના અધિકારીએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યુંછે કે, રેગ્યુલેટરની ટ્રેક્ટર અને મીની યુટિલીટી વાહનો જેવા કોમર્શીયલ વાહનો માટે લોંગટર્મ કવર આપવાની મંજુરી પર વિચારણા થાય તે જરૂરી છે. આને રજીસ્ટ્રેશન અને ફિટનેસ સર્ટીફીકેટથી જોડી શકાય છે.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાયેલી એક ઈફ્તાર પાર્ટીમાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી તથા અન્ય મહાનુભાવો રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને મળ્યા હતા.

## કુશળ એથ્લિટો શોધી કાઢવા કમિટિની રચના કરાશે : કૌર

નવીદિલ્હી તા.૨૨

વર્ષ ૨૦૧૬માં યોજાનાર ઓલિમ્પિક સહિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતના ચંદ્રક દેખાવની સ્થિતિમાં વધુ સુધારો થાય તે હેતુસર સરકારે આજે કહ્યું હતું કે, તે આંતરરાષ્ટ્રીય મંચ ઉપર વધુ સારો દેખાવ કરી શકે તેવા કુશળ એથ્લિટો ઓળખી કાઢવા નિષ્ણાતની બનેલી એક સમિટિની રચના કરશે. રમત-ગમત પ્રધાન એસ સોનોવાલે લોકસભામાં પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, અન્ય એક સમિતિ એથ્લિટોના દરરોજના દેખાવ પર નજર રાખશે. જ્યારે તેમને રમતો માટે તૈયાર કરવામાં આવશે ત્યારે તેમની પ્રવૃત્તિ ઉપર નજર રાખવામાં આવશે. ભાજપના સભ્ય અને ઓલિમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા રાજ્યવર્ધનસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, પસંદગીના એથ્લિટોને ઓલિમ્પિક માટે જોરદાર તૈયારી કરવા તમામ સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમના દેખાવ ઉપર આધારિત પુરતી મદદ કરવામાં આવશે. વર્ષ ૨૦૧૩ બાદથી રમત-ગમત સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

આવું ઘણા સમયથી સાંભળવામાં આવી રહ્યું છે. આ અંગે પ્રધાને કહ્યું હતું કે, એનડીએ સરકાર રમત-ગમતના ક્ષેત્રમાં પારદર્શી અને સારી સરકાર માટે કટિબદ્ધ છે. સરકાર વધુ ચર્ચા કર્યા બાદ આ સંદર્ભમાં એક બિલ પણ લાવવાની યોજના ધરાવે છે. એનસીપીના નેતા તારીક અનવરે કહ્યું હતું કે, ઓલિમ્પિકમાં દેશો દ્વારા ૪૦૦૦થી પણ વધુ સુંવર્ણ ચંદ્રકો જીતવામાં આવ્યા છે જ્યારે ભારતે માત્ર નવ સુવર્ણ ચંદ્રક જીત્યા છે. તેવા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, રાજીવ ગાંધી ખેલરત્ન અભિયાન હેઠળ રમત-ગમતના સંકુલે ૧.૭૫ કરોડના દરેક વિસ્તારમાં ખર્ચ સાથે દેશના દરેક ગ્રામીણ બ્લોક પંચાયતમાં બનાવવામાં આવશે. સરકાર રમત-ગમતને લઇને ખુબ ગંભીર છે. રમત-ગમત ક્ષેત્રે યુવાનો આગળ આવે તે માટે સરકાર પ્રયત્નશીલ બનેલી છે.



બ્રિટનના રાજવી પ્રિન્સ વિલિયમ્સ અને કેટ ડચીઝ ઓફ કેમ્બ્રિજ તેમના પાટવી કુંવર સાથે લંડનના નેચરલ હિસ્ટ્રી મ્યુઝીયમ ખાતે યોજાયેલ એક અદ્‌ભૂત પતંગીયાઓના પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

### નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

અમે શોપિંગ કરવા કે બગીચામાં ફરવા જઈએ ત્યારે લ્યુસીને સાથે લઈ જતા. કારમાં તે આગળની સીટમાં બારી પાસે બેસે અને ડૉક બહાર કાઢી બધું જોયા કરે. યુવાન છોકરા છોકરીએ અને બાળકોને લ્યુસી બહુ ગમે. સૌ તેને બોલાવે બાઈક પર જતાં લોકો બાઈક ધીમું કરી તેની નજીક આવે ને બોલાવે આડોશ પડોશમાં પણ લ્યુસી સૌને વ્હાલી હતી. તેને મિષ્ઠાંન બહુ ભાવે. ગમે તેને ત્યાં મિષ્ઠાન બન્યું હોય તો લ્યુસીને જરૂર આપવા આવે. તેને છીણેલું ચીઝ પણ બહુ ભાવે છે. અમે બહાર જઈને આવીએ ત્યારે લ્યુસી માટે ચીઝ તો લાવવું જ પડે નહીંતર એ રીંસાઇ જાય. રીંસાય ત્યારે સોફા નીચે જઇ બેસી જાય ઘણું સમજાવીએ ફોંસલાવીએ મનાવીએ ત્યારે માંડ બહાર આવે.

અમે આંદામાન - નિકોબાર ફરવા ગયેલા ત્યારે દીકરીને ત્યાં લ્યુસીને મુકીને ગયેલાં પાછા આવ્યા ત્યારે રાત્રે બે કલાક સુધી એ રડતી રહી. ગમે તેટલું સમજાવું તો પણ છાની રહે જ નહીં. તે દિવસથી મેં નક્કી કર્યું કે હવે લ્યુસીને મુકીને કયાંક જવું નહીં. મારા પતિ કયારેય યુરોપ તો કયારેક સિંગાપોર ફરવા જવાનો પ્લાન કરે છે. પણ હું તો ચોખ્ખું ના પાડી દઉં છું. લ્યુસીને મુકીને મારે કયાંક નથી જવું. એમ વિચારી હું સુતી. ત્યાં મેં જોયું તો લ્યુસી દર્દથી કણસી રહી હતી. ડૉકટરને બતાવ્યું, ઉપચાર કરાવ્યો પણ પહેલાં જેવી એ સાજી ન થઈ. ડૉકટરે કહ્યું કે તેની હવે ઉંમર થઈ છે. આખો દિવસ તેણે કંઇ ખાધું નહીં. મારા ખોળામાં સુતી સુતી મને જોતી રહી. અન્તર્વેદનાથી વલવલતું મારું હૈયું રૂદન કરતું હતું. રોતી રોતી હું તેના પર હાથ ફેરવતી હતી. કેવી રીતે બચાવું? કંઇ ઉપાય સુઝતો ન હતો.

ધીરે ધીરે મેં જોયું કે તેની આંખો બંધ થવા લાગી અને શ્વાસની ગતિ પણ... હું હડબડી ગઈ. મેં ચીસ પાડી ડૉકટર લ્યુસીને બચાવો... લ્યુસીને બચાવો.' મારો અવાજ સાંભળી મારા પતિએ આવીને મને હચમચાવીને જગાડી 'શું થયુ મીના... મને કોંઇ ખરાબ સપનું આવ્યું?' 'જુઓ જુઓ... લ્યુસીને કંઇક થઇ ગયું, હું બેબાકળી થઇ જોવા લાગી.'

'લ્યુસીને તો કંઇ નથી થયું. એ તો જો સામે કેવી રમે છે. તને સપનું આવ્યું હશે.'

મેં લ્યુસીને સાજીસમી જોઇ ત્યારે મને હાશ થઇ. ખરેખર લ્યુસીને કંઇ જ થયું નહોતું.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

પોલીસની મદદ કરવાની તત્પરતા અને ભાવના જોઇ હું માત્ર અચંબામાં પડી ગયો. પી.આઇ. બંને મહિલા પોલીસ, ડ્રાઈવર અરે એમનાં અધિકારી અને વૃદ્ધાશ્રમની સંચાલિકા બધ્ધે બધાંનાં પ્રતિભાવ કેટલાં હકારાત્મક અને મારાં જેવાની કાર્ય કરવાનો ઉત્સાહ વધારનારાં હતા. મારાં મનમાં પોલીસ એટલે ઉડાઉ જવાબ, મારધાડ, હપ્તા ખાઉ અને ધક્કા ખવડાવનારાં જેવી હતી... સરકારી વૃદ્ધાશ્રમવાળા જગ્યા નથી જેવો જવાબ આપશે અને ખાલી થશે તો જણાવીશું એવો મેસેજનો સંદેશો હતો.અહીં બધું જ અનઅપેક્ષિત બન્યું. બધા સરકારી કર્મચારી દેવોના દૂત જેવાં લાગ્યા. પોલીસ પૈસા ખાધા વગર કામ કરતાં નથી એવો મારો દષ્ટિકોણ બદલાયો અને એ સાચ્ચાં સમાજ મિત્ર લાગ્યાં...

હવે વરસાદ વરસવો શરૂ થયો હતો. હું પેલી સ્ત્રીને લઈને એક બસ સ્ટેન્ડ નીચે ઊભો હતો. માજીને સમજાવ્યા તમારા માટે રજા પાડીને પોલીસના પગ પકડી વ્યવસ્થા કરાવી છે વૃદ્ધાશ્રમમાં, રહેશો તો મારા મનને શાંતિ થશે... સ્ત્રીને મંદ હસીને સંમતિ આપી અને જોરદાર ખુશીનાં ઝાપટાંની વરસાદ સાથે એક સફળતાની વિજળી ચમકી ઊઠી!! હું ખુશાલદાસ પટેલ ઓઢવની બસ પકડવા દોડ્યો...

**ચૂંટલો :**

સમાજના અમુક વર્ગો માટે આપણે ધારણાઓ બાંધેલી છે અને એજ અમુક સત્કાર્યો કરતાં રોકે છે. આપણે જો થોડોક પ્રયત્ન કરીએ અને કોકને મદદરૂપ થવાં જોઈએ તો શક્ય છે આપણનેય આ પોલીસ કે નેતાઓના સારાં અનુભવ થાય, એક પ્રયત્ન કરવામાં શું જાય છે?

### સમાચાર ઝલક

- આગામી દિવસોમાં અલ્ટ્રા એચ.ડી. ટીવી ૮૫ ઈંચ સ્ક્રીનવાળું રૂ. ૧૭ લાખની કિંમતથી શરૂ થતું મળશે.
- ચૂંટણી કાર્ડમાં 'કિન્નર'નો ઉલ્લેખ માટે ચૂંટણી પંચની ના.
- લાલુ પ્રસાદ યાદવના સાળા સાધુ યાદવની ચોરાયેલી સંપત્તિ કરોડોની મળી આવી ફરિયાદ થયેલ નહોતી.
- સાંઈબાબા વિવાદમાં વડોદરા કોર્ટે દ્વારકા પીઠના શંકરાચાર્ય સ્વરૂપાનંદને સમન્સ પાઠવ્યું.
- સ્વીસ બેંકમાં ભારતીયો નકલી નોટો પણ જમા કરાવે છે.
- લોકપાલના નવા નિયમ હેઠળ સરકારી અકિકારીઓએ સંપત્તિ જાહેર કરવી પડશે.
- ભરૂચમાં દારૂના અડ્ડા બંધ કરાવનાર સ્વયંભૂ લોકો પર પોલીસનો લાઠીચાર્જ.
- મક્કા મસ્જિદમાં અધધધ ૪૦૦૦ લાઉડ સ્પીકરો ૯ કિલોમીટર સુધી નમાઝનો અવાજ સંભળાય છે.
- ગુજરાતી થાળીમાં ભાવ વધારો થશે. ચાઈનીઝ પંજાબી વાનગીના ભાવ વધશે.
- કચ્છના એક સમયના દાણચોર ઈભલા શેઠનું અવસાન.
- ગુજરાતમાં સવા કરોડો લોકો દુષિત પાણી પીવે છે. આર્થિક સર્વેક્ષણમાં ચોંકાવનારી હકીકત.
- ફિલ્મ અભિનેતા ઓમપુરીનું સ્વાસ્થ્ય લથડયું.
- વૈષ્ણોદેવીના છાપવાળા પાંચના સિક્કાનો સંગ્રહ થતાં પરચુરણની તંગી વધી.